સુવિચાર : માણસે ભારરહિત જીવન જીવવા માટે આડંબર અને અસત્યને તિલાંજલી આપવી પડે - ફ્રેડરિક નિત્શે

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૩ ટકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૧૫, ગુરૂવાર ; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ♦ કસાબ બાદ વધુ એક ત્રાસવાદી જીવિત પકડી લેવાયો : બે ફૂંકાયા
- ♦ બીએસએફના કાફલા ઉપર કરાયેલા હુમલામાં બે જવાન શહીદ
- ♦ અમરનાથ યાત્રી પર પ્રચંડ આત્મઘાતી હુમલા થઇ શકે
- ♦ રેલવે અકસ્માત : અનેક ટ્રેન રદ કરવાની તંત્રને ફરજ પડી
- ♦ ૯ આતંકવાદીઓ ખતરનાક ઇરાદા સાથે દિલ્હીમાં ઘુસ્યા
- ♦ બંગાળ પુર : હવે રોગચાળો ફાટી નિકળે તેવી સંભાવના
- ♦ ઇંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી ચોથી ક્રિકેટ ટેસ્ટ
- ♦ પાકિસ્તાન દ્વારા અંકુશ રેખા પર ફરી ભીષણ ગોળીબાર
- ♦ કોંગી સાંસદો સસ્પેન્ડ થતાં શત્રુઘ્ન સિંહા હાલ નાખુશ
- ♦ હવે મેગી નૂડલ્સ સલામત હોવાના તારણો સપાટીએ

# મધ્યપ્રદેશમાં એક જ સ્થળે બે ટ્રેન ખડી પડી



### હરદામાં બનેલા બનાવમાં ૩૧થી વધુ યાત્રીઓના મોત, સેંકડો ઘાયલ : મૃતકોના પરિવારને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત : તપાસના આદેશ કામયાની એક્સપ્રેસના ૧૦ ડબ્બા, જનતા એક્સપ્રેસના ૭ ડબ્બા ખડી પડ્યા

હરદા તા. ૫

મધ્યપ્રદેશના હરદા જિલ્લામાં મોડીરાત્રે બે ટ્રેન એક જ જગ્યાએ પાટા પરથી ખડી પડતા ૩૧થી વધુ યાત્રીઓના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. આ બનાવ બાદ રેલવે તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. બે ટ્રેનોના કેટલાક ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા જેના લીધે આ ડબ્બા કાળી માચક નદીમાં ગબડી પડ્યા હતા. ૩૧ યાત્રીઓના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યું છે જ્યારે સંકડો લોકો ઘાયલ થયા છે. રેલવે દ્વારા મૃતકોના પરિવારને બે-બે લાખ રૂપિયા આપવાની અને ગંભીર રીતે ઘાયલ થયેલા પરિવારને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની તેમજ ઓછા ઘાયલ થયેલા લોકોને ૨૫ હજાર રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

# ચર્ચાસ્પદ લલિત મોદી સામે બિન જામીનપાત્ર વોરંટ જારી

### પત્ર પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલયને અને ત્યારબાદ બ્રિટનની ઓફિસને મોકલી દેવાશે : લલિત મોદી પર સકંજો મજબૂત



મુંબઈ,તા. ૫

મુંબઈની ખાસ અદાલતે ઈન્ડિયન પ્રિમિયર લીગના પૂર્વ વડા લલિત મોદી સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજીને મુંબઈની ખાસ અદાલતે આજે સ્વીકારી લીધી હતી. સ્પેશિયલ પ્રિવેન્શન

● અનુસંધાન પાન-૭ પર

# સરદાર સરોવર ડેમ છલકાયો

### સરદાર સરોવર ડેમ સપાટી આજે વધી ૧૨૩.૧૦ મીટર સુધી પહોંચી શકે છે : ગુજરાતભરમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૫

ઉપરવાસમાં વરસાદના પરિણામ સ્વરુપે સરદાર સરોવર નર્મદા ડેમ આજે બપોરે બે કલાકે ૧૨૨.૩૮ મીટરના લેવલ સાથે ઓવર ફલો થઈ જતાં ઉત્સુકતા વધી હતી. ઉપરવાસમાં વરસાદ થતા હાલ ડેમમાં ૪૭૯૩૦૦ ક્યુસેક પાણીની આવક (ઈનફલો) તથા ૧૪૫૮૪ ક્યુસેક પાણી ઓવરફલોથી, ૧૩૨૭૭ ક્યુસેક પાણી કેનાલ હેડ પાવર હાઉસથી (સીએચપીએચ) રીવર હેડ પાવર હાઉસથી (આરબીપીએચ) સાથે કુલ ૭૦૪૪૫ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.ડેમનું લેવલ આવતીકાલ તા. ૬ ઓગસ્ટના રોજ વધીને ૧૨૩.૧૦ મીટર થવાની સંભાવના છે અને ત્યારબાદ તેમાં ક્રમશ : ઘટાડો થશે, સરદાર સરોવર ડેમનું ડેવલ ૧૨૧.૯૨ મીટર છે. મધ્યપ્રદેશના મધ્ય ભાગ ઉપર લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ રહી છે.

આ લો પ્રેશરની સ્થિતિ હવે આજ વિસ્તારમાં લો પ્રેશર એરિયામાં નબળી પડીને આગળ વધતા ભારે વરસાદ થવાની સંભાવના દેખાઈ રહી છે. અલબત્ત ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ થઈ શકે છે. ઉત્તર ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર, દિવ દમણ ભારે વરસાદ થઈ શકે છે. હાલમાં જ અતિવૃષ્ટિના કારણે બનાસકાંઠા, પાટણ, કચ્છમાં ભારે નુકસાન થઈ ચુક્યું છે.

# જીએમઈઆરએસ એટલે આઉટ સોર્સીંગથી ચાલતી સરકાર સંચાલિત સોસાયટી

### આરોગ્ય સેવાઓમાં પેરા મેડિકલ સહિતની સેવાઓ આઉટ સોર્સીંગના હવાલે : આરોગ્ય સેવાઓ અને શિક્ષણ બન્ને પર વિપરીત અસરો પડી રહી છે : સોસાયટી કોન્ટ્રેક્ટ અને આઉટ સોર્સીંગ પર જ કાર્યરત

ગાંધીનગર, તા. ૫

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્સ સોસાયટી એ સંપૂર્ણ આઉટ સોર્સીંગ આધારિત સોસાયટી બની ઉભરી છે અને તે રાજ્યની સાત મેડીકલ કોલેજો તેમજ સાત શહેરની હોસ્પિટલોનું સંચાલન કરી રહેલ છે.

જીએમઈઆરએસ એ ગુજરાત સરકારનું સાહસ છે. આ સોસાયટી રાજયમાં મેડીકલ એજ્યુકેશન માટેની કામગીરી કરી રહેલ છે. આ સોસાયટી સંચાલિત હોસ્પિટલ અને કોલેજોમાં આઉટ સોર્સીંગથી જ સંચાલન સરકારના અધિકારીઓ કરી રહ્યા છે જેને લઈ આરોગ્ય સેવાઓ કથળી છે અથવા તો નિરંકુશ બની જવા પામી છે.

આ સોસાયટીમાં વહીવટીય અધિકારીને જે પગાર મળે તેના કરતાં કોન્ટ્રેક્ટથી આવેલો કર્મચારી વધારે પગાર મેળવે એટલુ જ નહિ તેને કોઈ શિસ્ત-સેવાના નિયમોનો બાધ પણ અડે નહિ.

સેવા-શિસ્તના નિયમો નડતા નહિ હોવાથી આ સેવાઓ નિરંકુશ બની છે. તેમજ આ સેવાઓ માટે એજન્સી નિયત કરાયેલ હોવાથી તે જેવા કર્મચારીઓ પુરા પાડે તેનાથી જ કામ ચલાવવાનું થતું હોવાથી આ

● અનુસંધાન પાન-૭ પર




# ચોર્યાસીના ધારાસભ્ય રાજા પટેલનું નિધન

અમદાવાદ,તા. ૫

એકાદ સપ્તાહથી ડેન્ગ્યુ તાવથી પિડાતા ચોર્યાસી મત વિસ્તારના



ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજા પટેલનું મુંબઈમાં અવસાન થયું છે. બે દિવસ અગાઉ સુરતથી ૬૦ વર્ષીય રાજા પટેલને ડેન્ગ્યુ અને અન્ય રોગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એર એમ્બ્યુલન્સ મારફતે મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં શહેરમાં શોકનું મોજુ ફેલાયું છે. મુંબઈમાં અવસાન થતાં રાજા પટેલના પાર્થિવ દેહને રાત્રીના સાડા દસની આસપાસ સુરત વિમાન માર્ગે લાવવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે. ડેન્ગ્યુના તાવના કારણે રાજા પટેલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાજા પટેલનો ડેન્ગ્યુના શંકાસ્પદ લક્ષણોની સાથે સાથે કિડનીની બિમારી, ઓબેસિટી, બ્લડપ્રેશર અને જ્હોન્ડીસ સહિતની બિમારી હતી. રાજા પટેલના વિવિધ રિપોર્ટ સુરતમાં કાઢવામાં આવ્યા હતા જેમાં તેની બિમારી ગંભીર ગણાતા બે દિવસ અગાઉ એર એમ્બ્યુલન્સ મારફતે સુરતથી મુંબઈની હિન્દુજા હોસ્પિટલ ખાતે સારવાર માટે ખેસડવામાં આવ્યા હતા જ્યાં તેમનું અવસાન થતાં તેમના પરિવાર સહિત સુરત ભાજપ અને ચોર્યાસી વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.


BIG LOANS
50 LAC to 50 CRORES
• Doctor-CA-Bussiness Loan
• Home @ 9.70%,
• Mortgage@11.5%
• Loan Against CAR-SHARES-GOLD
ANAND ASSOCIATE
9327523525 (Bank Partner)
anandsheth24@yahoo.com


